ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૪ ટકા
ગાંધીનગર તાપમાન

જાણો, આ વર્ષે ગાંધીનગર કેવી રીતે ઉજવશે નવલી નવરાત્રી??

રાજય સરકારે મુકેલા પ્રતિબંધને પગલે પહેલીવાર 'ગરબા' વગર નવરાત્રી ગરબા પ્રેમીઓ કેવી રીતે ઉજવશે તે જાણવા ગાંધીનગર સમાચારનો પ્રયાસ

નવરાત્રી એટલે સમગ્ર ગુજરાતનો સૌથી પ્રિય તહેવાર અને તેમાં પણ ગાંધીનગરની નવરાત્રી માત્ર રાજયમાં જ નહીં પરંતુ દેશ વિદેશમાં પણ જાણીતી છે. જો કે આ વર્ષે કોરોના મહામારીના પ્રકોપને કારણે જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા નવરાત્રીમાં ગરબાના આયોજનને મંજૂરી આપવામાં આવી નથી જે નિર્ણયના પગલે શહેરના ગરબા પ્રેમીઓમાં થોડી નિરાશા જરૂર જણાય છે. બીજી તરફ કેટલોક વર્ગ એવો પણ છે જે સરકારના આ નિર્ણયને આવકારી રહ્યો છે. પહેલીવાર એવું બનશે કે નવરાત્રીમાં શહેરીજનો ગરબે નહીં ઘુમી શકે... તો આ વર્ષે ગરબા પ્રેમીઓ પોતાની નવરાત્રી કેવી રીતે ઉજવશે તે જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે. અમારો પ્રયાસ સરકારનો નિર્ણય યોગ્ય છે કે નહીં તે નક્કી કરવા માટે નથી, બલ્કે માત્ર ગરબા પ્રેમીઓના અભિગમને અત્રે રજૂ કરવાનો છે જે અત્રે તેમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

●●●

નવરાત્રી મહોત્સવને બહાને કૂપન અને ડ્રોના નામે ઘણી આવક કરી લેવામાં આવતી હતી. માતાજીની આરતીના નામે ઘણા રૂપિયા ઉઘરાવાતા જેમાં દરેકને આરતી કરવાનો લ્હાવો નહોતો મળી રહ્યો. પરંતુ જયારે સરકારે જાહેર નવરાત્રી થવા પર પ્રતિબંધ લાદયો છે ત્યારે મારા મતે તો જનતાના લાખો રૂપિયા બચશે અને તે સિવાયના દરેક સાચા મનથી માની આરાધના કરી આરતીનો લ્હાવો લઈ શકશે. હું આ વર્ષે નવરાત્રીમાં આખા ઘરને લાઈટો ફુલો અને રંગોળીથી સજાવીશ અને ફેમિલી સાથે મળીને સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ઘરમાં જ ગરબા રમવાનો પૂરો લ્હાવો લઈશે.

- પ્રદીપ સોલંકી

●●●



બધા તહેવારમાંથી નવરાત્રી જ મારો પ્રિય તહેવાર છે. આ વર્ષે નવરાત્રી નથી ઉજવવાના. સરકારનો નિર્ણય સારો છે પરંતુ એ યોગ્ય છે કે ઘરે રહી હું નવરાત્રીમાં માતાજીન આરતી કરીશ. અમારા જીમમાં નવે દિવસ માતાજીના ગરબા જ વાગશે. હું ઉપવાસ કરી તમામ જમવાનું ઘરે જ બનાવીશ કારણ કે પાર્ટી પ્લોટમાં ગરબા રમવામાં એનર્જી કે સમય નહીં જાય. ટીકીટના કે ડ્રેસના પૈસા આ વર્ષે નહી થાય તે પૈસા બચશે એટલે હું તેનો સદઉપોગ કરીશ. પ્રસાદ બનાવી જરૂરિયાતમંદને વહેંચીશ. સાથે તેમની જરૂરિયાત પુરી કરવાનો પ્રયત્ન કરીશ. આ કાર્યથી માતાજી પ્રસન્ન થશે અને નવે નવ દિવસનો હું સંપૂર્ણ ઉપયોગ ધાર્મિક કાર્યોમાં કરીશ અને ઘરે જ પરિવાર સાથે બેઠા ગરબા તો કરીશ જ.

- રીની ખંભોળજા

●●●

નવરાત્રી મારો બધા તહેવારોમાંથી પસંદગીનો તહેવાર છે અને બધાનો હશે જ પણ હું એ કરતા માતા માતા પિતાને વધુ પ્રેમ કરુ છું. આ પેન્ડેમિકમાં આપણે જેમ એ સ્વીકાર્યું છે કે બર્થ ડે નથી મનાવવી એ તો દર વર્ષે આવશે તેમ સમજવું જોઈએ કે નવરાત્રી પણ દર વર્ષે આવશે જ. પણ આપણું સ્વાસ્થ્ય બગડયું તો જલદી સાજા નહીં થવાય. આ વર્ષે હું માતાજીની આરાધના કરીશ. જેથી સકારાત્મકતા આખા દેશમાં પ્રસરાય અને કોરોના જલ્દી દૂર થાય.

- મેઘા આઘાર

●●●



નવરાત્રી જાહેરમાં નહી યોજાય તે સમાચાર સાંભળીને દુઃખ થયું કે માતાજીના ગરબા સાથે મિત્રો સાથે મસ્તી પણ નહીં થાય પણ સરકારના નિયમને હું સમર્થન આપું છું અને માતાજીની આરતી કરીને પ્રાર્થના કરીશ કે આવતા વર્ષે પહેલાની જેમ જ નવરાત્રી થાય.

- હર્ષ રાઠોડ

●●●

નવરાત્રી એ આદ્યશકિતની આરાધના અને પૂજાપાઠનો પર્વ છે અને તેની ઉજવણી આપણે માતાજીની માંડવણીમાં ગરબા ગાઈને કરતા હોઈએ છીએ પણ આ વર્ષે ભેગા થઈને ગરબા નથી કરવાના તે નિર્ણય બરાબર છે. સ્વાસ્થ્ય સારૂં રહેશે તો આપણે આવતા વર્ષે ઉજવણી કરી શકીશું. આથી આ વર્ષે તો અમે ઘરે જ માતાજીની પ્રતિષ્ઠા કરી પૂજાપાઠ કરી બધાનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રાર્થના કરીશું.

- પ્રશાંત પ્રજાપતિ

●●●

આ વર્ષે પાર્ટી પ્લોટમાં ગરબા રમ્યા વગર નવરાત્રી અધુરી રહેશે. અમારા ગૃપના અનેક કલાકાર મિત્રો સાથે ગરબા નહી રમી શકું એનું દુઃખ છે પણ અમે આ વર્ષે વિડીયો કોલ ઉપર પોત પોતાના ઘરે ગરબા કરી માતાજીની આરતી કરી આરાધના કરીશું.

- ખુશ્બુ દેસાઈ

●●●

કોરોના અને હવે ગાંધીનગરમાં ચીકનગુનીયાએ બધાને તકલીફમાં મુકી દીધા છે. આમેય પહેલાના વર્ષોમાં ઘરે બેઠા ગરબા થતા હતા તેવી જ રીતે આ વખતે ઘરે જ ગરબા કરીશું. નવરાત્રીનો હરખ તો અલગ છે પણ શરીર અને સ્વાસ્થ્યના જોખમે ગરબા તો ન જ થાય.

- તારક પંડયા

●●●

દર વખતની જેમ આ વખતે પણ મા જગદંબાની આરતી અને આરાધના કરી નવરાત્રીની ઉજવણી કરીશું. આમ તો દર વર્ષે પાર્ટી પ્લોટમાં કયારે જઈશું કયો ડ્રેસ પહેરીશું? તેમાં માતાજીને ભૂલી જઈએ છીએ. આ વર્ષે સમય મળ્યો જ છે તો માતાજીને યાદ કરીએ.

- કથન ત્રિવેદી

●●●

આ વર્ષે હું અને મારો પરિવાર બાળકો સાથે એન્જોય કરીશું અને મિત્રો સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી ગરબા રમીશું.

- ભાવેશ આગજા

●●●

નવરાત્રી જેવો ધાર્મિક તહેવાર સૌને પ્રિય છે. માતાજી સાથે ધાર્મિકતા જોડાયેલી છે. આ વર્ષે નવરાત્રી દરમયાન હું ઘર પરિવાર સાથે નિયમિત રૂપે આરતી કરીશ મને ગરબાનો શોખ છે એટલે હું ઘરમાં જ ગરબા રમીશ.

- મેહુલ ભોજક

●●●

હાલ પરિસ્થિતિ એવી છે કે ઘરમાં જ ગરબા રમી લેવાના છીએ. મારા મિત્ર ડોકટરોની તો હવે ચિંતા થાય છે. ભલે એક વખત ધંધા રોજગારમાં તકલીફ પડે પણ ઘરમાં ગરબાની સ્થાપના કરીને ઘરે જ માતાજીની આરાધના કરીશું.

- વૈશાલીબેન ડાભી



●●●

નવરાત્રી આ વર્ષે નહી યોજાય પણ ગરબા તો રમશું જ. હું મારા પરિવારજનો સાથે ઘરે જ ગરબા રમીને નવરાત્રીની ઉજવણી કરીશ.

- જયમીન પટેલ

●●●

કોરોના પેન્ડેમિકને કારણે ગરબા નહીં યોજાય અને આપણે ભેગા મળીને નવરાત્રીની ઉજવણી નહી કરી શકીએ. પણ હું આ વર્ષે ગરબા મારા પરિવારજનો સાથે રમીશ અને પ્રાર્થના કરીશ કે આવતા વર્ષે પાર્ટી પ્લોટમાં દર વર્ષની જેમ જ ગરબા યોજાય.

- મૈત્રી શાહ

●●●

મારું માનવુ છે કે ખરા અર્થમાં નવરાત્રી આ વર્ષે ઉજવાશે. અત્યાર સુધી નવરાત્રી એક તહેવાર નહીં પણ મનોરંજનનું સાધન બની ગઈ છે. ગરબાના બહાને જાણે ફેશન શો થઈ રહ્યો હોય એવુ લાગે છે. પાર્ટી પ્લોટના ગરબાના મોહમાં ખરા ગરબા તો ભુલાઈ ગયા છે.

આ વર્ષે હુ ખરા અર્થમાં નવરાત્રીનો તહેવાર ઉજવીશ નવ દિવસ માતાજીની પૂજા અર્ચના કરીશ માતાજીનું ઘટસ્થાપન કરી ગરબા રમીશ અને સોશીઅલ ડિસ્ટન્સનું પણ ધ્યાન રાખીશ અને ગરબામાં માત્ર ફેમિલી મેમ્બર જોડાય તેનુ ધ્યાન રાખીશ.

- કિંજલબા બિહોલા

●●●

નવરાત્રી એ મારો પ્રિય તહેવાર છે. આ વખતે મહામારીના લીધે નવરાત્રી પહેલાની જેમ નહીં ઉજવી શકાય પરંતુ હું મારા ઘરમાં જ તૈયાર થઈ મારા ફેમિલી સાથે ગરબા રમીશ.

- ગાયત્રી ઠકકર

●●●

આ વર્ષે ખેલૈયાઓ અને દરેક જનતા ગણ માટે ચેલેન્જીંગ છે. સરકારના નિયમને હું સપોર્ટ કરું છું. બહાર જઈને ગરબા નહીં રમાય એટલે હું મારા ઘરવાળા સાથે ઘરે જ ગરબા રમીશ તથા મિત્રો સાથે ઝૂમ એપ પર કે કોઈ પણ ઓનલાઈન માધ્યમથી તૈયાર થઈને પણ ગરબા રમીશ. જેને કારણે દરેક સાથે મળીને ગરબા રમે છે તેવું લાગે અને સોશિયલ ડિસ્ટન્સીંગ પણ જળવાય.

- અર્ચના માને

●●●

આ વર્ષે નવરાત્રી બધાને સાથે મળીને તો નહીં ઉજવાય પણ સેફટી અર્થે ઘરે રહીને જ હું માતાજીની આરતી કરીને ગરબા રમવાની મોજ ઘરમાં જ માણીશ.

- પ્રિયાંશી પ્રજાપતિ

●●●

આ વર્ષે નવરાત્રી પર્વ નિમિત્તે દર વર્ષે ગરબા રમવા જે ચણિયા-ચોળી, કેડિયું, દાંડિયા તથા પાર્ટી પ્લોટના પાસ વગેરેમાં ખર્ચા કરતા હતા તે ખર્ચાની રકમ એકઠી કરીને કોઈ જરૂરિયાતમંદ



વર્ગના વિદ્યાર્થીઓને કે જેઓ અત્યારે ઓનલાઈન શિક્ષણ મેળવવામાં અડચણ અનુભવી રહ્યા છે તેમને તેના થકી મદદ કરીએ.

- હર્ષિલ રૂપાલા

●●●

આ વર્ષે કોરોના મહામારી વચ્ચે આપણે આપણાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અગત્યનું છે. નિષ્ણાંતોનું પણ કહેવું છે કે પૌષ્ટિક ભૌજન સાથે યોગ અને વ્યાયામનો પણ નિત્યકમમાં સમાવેશ કરવો જોઈએ. જેથી આ નવરાત્રી હું ગરબાની બદલે નવ દિવસ નિયમિત ૨૧ કિમી સાયકલીંગ કરીશ જેવો મેં નિર્ધાર કર્યો છે અને તે સાથે ઘરે રહી પરિવાર સાથે માતાજીની આરાધના કરીશું.

- કાજલ વૈષ્ણવ

●●●

હાલ કોરોના મારમારી આખા વિશ્વમાં વ્યાપી છે અને તેની ભારતમાં અસર વધુ છે. આ કપરા સમયમાં નવરાત્રીમાં ગરબા રમવા કરતાં વધારે પોતાના આરોગ્યની સંભાળ લેવી ખૂબ જરુરી છે. નાગરિકો કોરોના વાયરસનો શિકાર ના બને તે માટે સૌએ ઘરે જ રહીને આદ્યશકિત મા જગદંબાની આરાધના અને પૂજા કરવી જોઈએ. આ સાથે મા અંબાને પ્રાર્થના કરીએ કે આ કપરા સમયનો જલ્દીથી અંત લાવે અને આવતે વર્ષે વધારે જોમ જુસ્સાથી ગરબા રમી શકીએ તે માટે સૌને તંદુરસ્ત રાખે.

- ભાવેશ ત્રિવેદી

●●●

ગુજરાતની ઓળખ એટલે નવરાત્રી ગરબા આયોજન અંગે રાજય સરકારે પોતાનો નિર્ણય જાહેર કરી દીધો છે. કોરોના મહામારીના વધી રહેલા કેસોની સંખ્યા અને ગરબામાં નાગરિકોની ભીડ થવાને કારણે સંક્રમણ વધી શકે છે. જયાં ગરબામાં પાંચથી આઠ હજાર ખેલૈયા રમતા હોય ત્યાં સોશિયલ ડિસ્ટન્સિગ શકય નથી અને જો માસ્ક સાથે ગરબા રમાડવામાં આવે તો તે પણ મેડીકલ સાયન્સ મુજબ હાનિકારક છે તેથી આ વર્ષે અમે તો ઘરમાં જ માતાજીની આરાધના કરી આવતા વર્ષે બમણાં ઉત્સાહથી નવરાત્રીની ઉજવણી કરીશું.

- શ્વેતા પ્રજાપતિ

●●●

ગુજરાત સરકારે ગરબાની પરવાનગી આપવાનું જે નામંજૂર કરી દીધું છે તે આપણા રાજય માટે આવકારદાયક બાબત છે. આ વર્ષે આપણે માતાજીની એવી આરાધના કરવી કે ૨૦૨૧ના વર્ષની નવરાત્રી ખૂબ જ આનંદ-ઉલ્લાસ અને જોશપૂર્વક કરી શકીએ. ગુજરાત સરકારની ગાઈડલાઈન ધ્યાનમાં રાખીને નવરાત્રીની ઉજવણી કરીએ તે આપણાં પરિવાર માટે અને દેશ માટે ખૂબ અગત્યની બાબત છે. આવો, સાથે મળીને માતાજીને પ્રાર્થના કરીએ કે આ મહામારી જેમ બને તેમ જલ્દી દૂર થાય.

- પરિમલસિંહ રાઠોડ

શહેરમાં કોવિડ-૧૯ અંગે જનજાગૃતિ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને કોરોના વાયરસ અંગે જાગૃતિ આવે તેમજ કોરોનાથી કઈ રીતે બચી શકાય તે અંગે સમજ કેળવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેની સાથે નાગરિકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. હાલની કોવિડ-૧૯ મહામારીના સમયમાં તેમાંથી

રક્ષણ માટે લેવાના જરૂરી તેવા પગલાઓ અને જીવનશૈલી વિષે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ જન જન સુધી પહોચવી અત્યંત જરૂરી છે. આ મહામારી ખુબજ ઝડપથી ફેલાઈ રહી છે જેના લીધે સામાન્ય જનજીવન અને અર્થવ્યવસ્થા ડામાડોળ થઈ ગયેલ છે.

આ મહામારી ફેલાઈ રહી છે ત્યારે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જન સેવા કેન્દ્ર ખાતે આવતા સમગ્ર જીલ્લામાંથી આવતા અરજદારોને આ મહામારીનો સંપૂર્ણ ખ્યાલ આવે તેમજ તેનાથી બચી શકવા માટેના ઉપાયો વિષે જાગૃતતા આવે તેવા હેતુથી ગાંધીનગર કલેકટર ઓફીસ ખાતે કોવિડ-૧૯ જન જાગૃતિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કોરોના જાગૃતિ અંગેના જુદા જુદા ચાર્ટ્સ લગાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કોવીડ-૧૯ ના નિયમોનાં પાલન સાથે કર્મચારીઓ અને અરજદારોએ પ્રદર્શન નિહાળ્યું હતું.

આ કાર્યક્રમ કલેકટરના માર્ગદર્શન સાથે કરવામાં આવ્યો હતો. તેમજ ડિઝાસ્ટર મામલતદાર રોનક કપૂરે કાર્યક્રમમાં સહયોગ પૂરો પડ્યો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

ગીફટસીટી બ્રિજ પાસેથી ફોર્ડ ફીગો કારમાંથી ૯૦૪ બોટલ દારૂની ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૩

ડભોડા પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરતા કાર ચાલક ગીફટસીટી બ્રિજ પાસે કાર અંધારામાં મુકીને ભાગી ગયો હતો. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કારમાંથી વિવિધ બ્રાન્ડની ૯૦૪ દારૂની બોટલ અને ૨૪ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ, ૧,૦૭,૮૦૦ રૂપીયાનો દારુ-બિયરનો જથ્થો અને ફોર્ડ ફીગો કાર કિં.૩ લાખ મળી કુલ રૂ.૪,૦૭,૮૦૦ નો મુદ્દમાલ કબ્જે કરી ડભોડા પોલીસે કારના નંબરના આધારે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો લવારપુર બ્રિજ પાસે પેટ્રોલીંગમા હતા. ત્યારે સાંજના સુમારે અચાનક એક સીલ્વર કલરની ફોર્ડ ફીગો કાર નં. જી.જે.૦૧.કે.એન.-૫૫૮૭ રીક્ષાની ઓવરટેક કરીને ફુલ સ્પીડે જઈ રહી હતી. જેથી પોલીસને કાર શંકાસ્પદ લાગતા તેનો પીછો કર્યો હતો. ત્યારે પોલીસને કાર ગીફટસીટી બ્રિજ પાસે માર્ગની બાજુમાં ઉભેલી મળી આવી હતી. ચાલક કારનો દરવાજો ખુલ્લો મુકીને ચાવી લઈને જતો રહ્યો હતો. કારમાં તપાસ કરતા પોલીસને વિવિધ બાન્ડની ૯૦૪ બોટલ અને ૨૪ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરનો જથ્થો કિં.૧,૦૭,૮૦૦ તેમજ કારની કિં.૩ લાખની મળીને કુલ રૂ. ૪,૦૭,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

નવા પાલજ ગામેથી ૧૦ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે નવા પાલજ ગામે રહેતો વિજયસિંહ ઉર્ફે કાભઈ ભીખુસિંહ બિહોલા (ઉં.૩૦ રહે.દરબારવાસ) દારૂનો વેપાર કરે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા તે મળી આવ્યો હતો. પોલીસે ઘરમાં અને બહારની સાઈડ તપાસ કરતા બાથરૂમમાં કપડાના થેલામાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૩૮૯૮ ની ૧૦ બોટલ દારૂ અને રૂ.૩ હજારનો મોબાઈલ મળી કુલ રૂ. ૬,૮,૯૮ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉડ્ડયન ઈ-મેગેઝીનનો દીપોત્સવી અંક ગીત વિશેષાંક હશે

ઉડ્ડયન ઈ-મેગેઝીન અવનવા વિષયોને કેન્દ્રસ્થાને રાખીને વિશેષાંકનું આયોજન કરે છે. આ વર્ષે ઉડ્ડયનના ઈ-મેગેઝિનનો દીપોત્સવી અંક ગીત વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આપણે દિવાળીનાં વધામણાં ગીત ગાઈને કરીએ છીએ. એ ઉપલક્ષ્યમાં ઉડ્ડયનનો આગામી અંક 'દીપોત્સવી ગીત વિશેષાક' તરીકે પ્રકાશિત થશે અને તે માટે ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. દીપોત્સવી ગીત વિશેષાકના નિયમો જાહેર કરાયાં છે. જેમાં સ્પર્ધકે પોતાનું અપ્રકાશિત ગીત વ્હોટ્સએપ નં. ૯૮૨૪૭૨૪૦૦૬૭ પર માઈક્રોસૉફ્ટ વર્ડ ફાઈલમાં મોકલવાનું રહેશે. ગીત મોકલવાની અંતિમ તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૨૦ છે. પ્રથમ પાંચ વિજેતાઓને યોગ્ય પુરસ્કાર અને પ્રમાણપત્રથી નવાજવામાં આવશે. સ્પર્ધા યોગ્ય જણાયેલ રચનાઓ વિશેષાંકમાં પ્રકાશિત કરવામાં આવશે અને નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. ગીતના વિષયનું કોઈ બંધન નથી તેવું જણાવાયું છે.

ચિલોડા એલીગન્સ રેસીડેન્સી પાસેથી મહિલાના ગળામાંથી ૫ તોલાના સોનાના દોરાની ચિલ ઝડપ

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા પાસે આવેલી એલીગન્સ રેસીડેન્સી પાસે મહિલાના ગળામાંથી ૫ તોલાના સોનાના દોરાની ચિલ ઝડપ થઈ છે. મહિલા સાંજના સુમારે ચાલવા માટે નીકળ્યા હતા, તે સમયે બાઈક પર આવેલા શખ્સો દોરો તોડી ચિલોડા તરફ નાસી છુટ્યા હતા. સોનાનો દોરો તુટતા મહિલાએ બુમાબુમ કરતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ નાગરીકો કંઈ સમજે તે પહેલા ચોર શખ્સો પલાયન થઈ ગયા હતા. ચિલોડા પોલીસ મથકે રૂ.૨.૫૦ લાખની ચેઈન તોડી લઈ ગયાની મહિલાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં સોનાના દોરા તોડતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં શહેરના ક-૭ થી ખ-૭ વચ્ચે મહિલાના ગળામાંથી ચાલુ બાઈકે દોરો તોડી અંધારામાં પલાયન થઈ ગયા હતા. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પાસે શિહોલી મોટી ખાતે એલીગન્સ રેસીડેન્સી ખાતે રહેતા ૪૫ વર્ષિય અનુરાધા રામચંદ્રમૂર્તિ દેવરકોન્ડા (ઉં.૪૫) પોતાના પરિવાર સાથે રહે છે. રોજના નિત્યક્રમ મુજબ મહિલા સાંજના સુમારે ચાલવા માટે નિકળ્યા હતા. એલીગન્સ રેસીડેન્સીથી ગણતરીના અંતરે મહિલા ચાલીને જઈ રહ્યા હતા, તે સમયે શિહોલી તરફથી ત્રણ શખ્સો બાઈક પર આવ્યા હતા અને ચાલી રહેલા મહિલા પાસે બાઈક ધીમુ પાડીને વચ્ચે બેઠેલા શખ્સે ગળામાં પહેરેલ સોનાની ચેઈન મંગળસુત્ર સાથે સુતરીભાત ડીઝાઈનવાળી ખેંચીને ચિલોડા તરફ ભાગી ગયા હતા. જયારે મહિલાએ બુમાબુમ કરતા સ્થાનિકો એકઠા થયા હતા. પરંતુ કોઈ કંઈ સમજે તે પહેલા જ બાઈક ચાલકો ગાયબ થઈ ગયા હતા. બનાવનો પગલે મહિલા ગભરાઈ જતા શખ્સો કયું બાઈક લઈને આવ્યા હતા, બાઈકનો નંબર પ્લેટ કે શખ્સોએ કેવા કલરના કપડા પહેર્યા હતા તેની પણ ખબર પડી નથી. બનાવ અંગે મહિલાએ તેમના પતિને જાણ કરતા તેઓ નોકરીથી તાત્કાલીક સ્થળ પર આવી ગયા હતા.

બનાવ અંગે મહિલાએ ચિલોડા પોલીસ મથકે અઢી તોલાના સોનાના દોરાની ચિલ ઝડપની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર શખ્સોને પકડી પાડવા માટે ચકો ગતિમાન કર્યા છે.

ચિરવિદાય

- સ્વ. કાન્તીલાલ નારણજી પંડયા, ઉ.વ. ૮૮, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. વાઘેલા નટવરસિંહ શિવાજી, ઉ.વ. ૬૫, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ સુર્યકુમાર રામાભાઈ, ઉ.વ. ૫૮, દંતાલી (શેરથા), ગાંધીનગર
- સ્વ. પટેલ બબાભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૭૧, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. ગોદાવરીબેન શર્મા, ઉ.વ. ૭૧, સિતાપરા, અમદાવાદ
- સ્વ. મંજુલાબેન કાન્તિલાલ રાવલ, ઉ.વ. ૭૭, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. પટેલ લાલાભાઈ ભુલાભાઈ, ઉ.વ. ૬૬, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. ગણપતભાઈ દાનજીભાઈ મકવાણા, ઉ.વ. ૭૬, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. પટેલ મધુબેન અંબાલાલ, ઉ.વ. ૭૩, કડી, જી. મહેસાણા
- સ્વ. પરમાર મણીબેન ભવાનભાઈ, ઉ.વ. ૯૦, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. પટાર બળદેવજી બબુજી, ઉ.વ. ૭૦, પેથાપુર, તા. ગાંધીનગર